પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઈ, ૨૦૨૨, શનિવાર; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગિફ્ટ સિટીમાં ભારતનું ભવિષ્ય દેખાશે : મોદી

**ગાંધીનગર ખાતે આવેલા ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ અને NSE IFSC-SGX કનેક્ટ લોન્ચ : ગીફ્ટ સીટીમાં મોદીએ કહ્યું ડિજિટલ પેમેન્ટમાં આજે પૂરી દુનિયામાં ભારત એકલાની ૪૦% હિસ્સેદારી : FSCA ભારતને આર્થિક મહાશક્તિ બનાવશે**









અમદાવાદ, તા.૨૯

ચૂંટણીના વર્ષમાં ફરી એકવખત પીએમ નરેન્દ્ર મોદી ગુજરાત આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગિફ્ટ સિટી પહોંચ્યા હતા. જ્યાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટરની મુલાકાત કરી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. વડાપ્રધાન મોદીના હસ્તે ગાંધીનગરના ગીફ્ટ સીટી ખાતે **IFSCA**ના હેડક્વાર્ટર ભવનનો શિલાન્યાસ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સ્ચેન્જ તથા **NSE IFSC – SGX Connect**નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

ગિફ્ટ સિટીમાં International Financial Services Centres Authority - IFSCA Headquarters Buildingનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, મને વિશ્વાસ છે કે આ ઈમારત તેના આર્કિટેક્ચરમાં જેટલી ભવ્ય છે તેટલી જ તે ભારતને આર્થિક મહાસત્તા બનાવવા માટે અમર્યાદિત તકો પણ ઊભી કરશે. ભારત હવે યુએસએ, યુકે અને સિંગાપોર જેવા વિશ્વના દેશોની હરોળમાં ઊભું છે, જ્યાંથી વૈશ્વિક નાણાને દિશા આપવામાં આવે છે. આ અવસર પર હું તમને અને તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, **GIFT** સિટીના વિઝન સાથે દેશના સામાન્ય માણસની આકાંક્ષાઓ જોડાયેલી છે. ગિફ્ટ સિટીમાં ભારતના ભવિષ્યનું વિઝન જોડાયેલું છે, ભારતના સોનેરી ભૂતકાળના સપનાઓ પણ જોડાયેલા છે. ગિફ્ટ સિટી વાણિજ્ય અને ટેક્નોલોજીના હબ તરીકે મજબૂત છાપ ઉભી કરી રહ્યું છે. ગિફ્ટ સિટી wealth અને wisdom બંનેની ઉજવણી કરે છે. મને એ જોઈને આનંદ થાય છે કે GIFT સિટી દ્વારા ભારત વૈશ્વિક સ્તરે સેવા ક્ષેત્રમાં મજબૂત હિસ્સો સાથે આગળ વધી રહ્યું છે.

૨૦૦૮માં વિશ્વ આર્થિક સંકટ અને મંદીનો સમયગાળો હતો. ભારતમાં પોલિસી પેરાલિસિસનું વાતાવરણ હતું. પરંતુ, તે સમયે ગુજરાત ફિનટેક ક્ષેત્રે નવા અને મોટા કદમ ઉઠાવી રહ્યું હતું. મને આનંદ છે કે તે વિચાર આજે આગળ વધ્યો છે. આપણે યાદ રાખવું પડશે કે વાઈબ્રન્ટ ફિનટેક સેક્ટરનો અર્થ માત્ર સરળ વ્યાપાર વાતાવરણ, સુધારા અને નિયમો નથી. તે વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા વ્યાવસાયિકોને વધુ સારું જીવન અને નવી તકો આપવાનું પણ એક માધ્યમ છે. આજે ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેથી ભવિષ્યમાં જ્યારે આપણી અર્થવ્યવસ્થા આજની સરખામણીએ મોટી હશે, ત્યારે આપણે તેના માટે અત્યારે જ તૈયાર રહેવું પડશે. આપણે તેના માટે એવી સંસ્થાઓની જરૂર છે જે

● અનુસંધાન પાન-૭ પર

## ગિફ્ટ સિટીમાં ફાઈનાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રના અભ્યાસક્રમો શરૂ કરવા પ્રધાનમંત્રીનું સૂચન

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, આઠ વર્ષમાં ભારતે ફાઈનાન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારતનો ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ વાણિજ્ય અને આર્થિક સંગઠનો સાથે જોડાઈ રહ્યો છે ત્યારે ભારતમાં બેંકિંગ અને ફાઈનાન્સિયલ સાક્ષરતા-શિક્ષણની વિશેષ આવશ્યકતા છે. ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી ફાઈનાન્સ ક્ષેત્રના અભ્યાસક્રમો શરૂ કરે, ઈન્વેસ્ટમેન્ટનું શિક્ષણ આપી શકે એ દિશામાં વિચારવું જોઈએ. તેમણે કહ્યું હતું કે આઠ વર્ષ પહેલાં મ્યુચ્યુઅલ ફંડોમાં ભારતના રોકાણકારોનું રૂપિયા ૧૦ લાખ કરોડનું મૂડીરોકાણ હતું. જૂન ૨૦૨૨ની સ્થિતિએ આ મૂડી રોકાણમાં ૨૫૦ ટકાનો વધારો થયો છે. આજે ૩૫ લાખ કરોડ રૂપિયા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાયા છે. નાનામાં નાનો માણસ ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યો છે ત્યારે આપણે ભારતના નાગરિકોને મૂડીરોકાણ માટે શિક્ષિત કરવાની આવશ્યકતા છે. વધુને વધુ યુવાનોને આ માટે શિક્ષિત કરવાના પ્રયત્નો થવા જોઈએ. ગિફ્ટ સિટીમાં આવા પ્રકારના અભ્યાસક્રમો નોન પ્રોફિટ મોડ પર શરૂ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં આજે થયેલી જાહેરાતો દેશના સામર્થ્યને વધારે મજબૂત કરશે. એટલું જ નહીં આવનારા ૨૫ વર્ષમાં આઝાદીના અમૃતકાળમાં દેશની અપેક્ષાઓને પૂર્ણ કરશે.

## ગિફ્ટ સિટી : ભૂતકાળ, વર્તમાન અને ભાવિ અહીં એકબીજાથી માત્ર ૩૦ મિનિટના અંતરે છે : મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ત્રણ શહેરો-અમદાવાદ, ગાંધીનગર અને ગિફ્ટ સિટીનો આ વિશિષ્ટ સમન્વય છે. અમદાવાદ, ગાંધીનગર અને ગિફ્ટ સિટી આ ત્રણ નગરો એકબીજાથી માત્ર ૩૦ મિનિટના અંતરે છે. અમદાવાદ એક ગૌરવશાળી ઈતિહાસને પોતાનામાં સમાવીને બેઠું છે તો ગાંધીનગર પ્રશાસનનું કેન્દ્ર છે અને નીતિ નિર્ધારણનું મુખ્ય મથક છે. જ્યારે, ગિફ્ટ સિટી ભારતના અર્થતંત્રનું પ્રમુખ કેન્દ્ર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, પાસ્ટ, પ્રેઝન્ટ અને ફ્યુચર એટલે કે ભૂતકાળ, વર્તમાન અને ભાવિ અહીં એકબીજાથી માત્ર ૩૦ મિનિટના અંતરે છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગની દિશામાં શ્રેષ્ઠ પ્રયત્નો એટલે જ ગિફ્ટ સિટી.

# મિગ-૨૧ વિમાનો પાંચ વર્ષ પણ ઊડાવી શકાય એમ નથી

**એરફોર્સનો મિગની વધુ એક સ્ક્વોડ્રન નિવૃત્ત કરવાનો નિર્ણય : મિગના વધતા જતા અકસ્માતનો પગલે વર્ષ ૨૦૨૫ સુધીમાં બાકીના મિગ વિમાનોને પણ સેવાનિવૃત્ત કરી દેવાનો એરફોર્સ દ્વારા નિર્ણય કરાયો**

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય એરફોર્સ ૬૦ વર્ષથી જેનો ઉપયોગ કરે છે તે મિગ-૨૧ વિમાનો હવે એટલા જોખમી બની ગયા છે કે એરફોર્સ હવે આ વિમાનોને પાંચ વર્ષ પણ ઉડાવી શકે તેમ નથી. ગઈકાલે રાજસ્થાનમાં મિગ-૨૧ ટાઈપ-૬૯ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું જેમાં બે યુવાન પાઈલટના મોત થયા હતા. વિંગ કમાન્ડર એમ. રાણા અને ફ્લાઈટ લેફ્ટનન્ટ અદ્વિતિય બાલ જેવા હોનહાર પાઈલટ ગુમાવ્યા પછી એરફોર્સની આંખ ઉઘડી છે અને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં મિગ બિસન વિમાનની વધુ એક સ્ક્વોડ્રનને રિટાયર કરી દેવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત ૨૦૨૫ સુધીમાં બાકીના મિગ વિમાનોને પણ સેવાનિવૃત્ત કરી દેવામાં આવશે.



ભારતીય એરફોર્સ (આઈએએફ) હવે સ્વદેશી બનાવટના એલએસી તેજસ વિમાનોનું ઉત્પાદન વધારવા પર ધ્યાન આપશે અને સોવિયેત યુગના વિમાનોને માનભરી વિદાય આપવામાં આવશે. મિગ વિમાનોના એક્સિડન્ટ એટલા બધા વધી ગયા છે કે તેના પર દેશની સુરક્ષાનો ભાર મુકી શકાય તેમ નથી. ઈન્ડિયન એરફોર્સના અધિકારીએ જણાવ્યું કે શ્રીનગર એરબેઝ ખાતે આવેલી ૫૧ સ્ક્વોડ્રનને ૩૦ સપ્ટેમ્બરે રિટાયર કરી દેવામાં આવશે. ત્યાર પછી મિગ વિમાનોની માત્ર ત્રણ સ્ક્વોડ્રન સર્વિસમાં રહેશે અને તેને પણ ૨૦૨૫ સુધીમાં દૂર કરવામાં આવશે. દર વર્ષે એક-એક સ્ક્વોડ્રનને સેવામાંથી હટાવવામાં આવશે. ઈન્ડિયન એરફોર્સ (આઈએએફ) માટે મિગ-૨૧ વિમાનોએ વર્ષોથી કરોડરજ્જુનું કામ કર્યું છે. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પાકિસ્તાનના હવાઈ હુમલાને નિષ્ફળ બનાવવામા ૫૧ સ્ક્વોડ્રનની મુખ્ય ભૂમિકા રહી હતી. જોકે, આ વિમાનોનો સેફ્ટી રેકોર્ડ બહુ ખરાબ છે અને એરફોર્સ તેની જગ્યાએ રશિયન બનાવટના સુખોઈ-૩૦ વિમાનો તથા સ્વદેશી બનાવટના લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (એલસીએ)ને ગોઠવી રહી છે.

છેલ્લા ૨૦ મહિનામાં ૭ મિગ-૨૧ વિમાનો તૂટી પડ્યા છે જેમાં પાંચ પાઈલટના મોત નિપજ્યા છે.

## અર્પીતા મુખર્જીના ઘરેથી ઈડીની રેડ બાદ ૪ કાર ગાયબ

**અર્પિતાની આ ૪ કાર તેના ડાયમંડ સિટી કોમ્પલેક્ષ ખાતેથી ગાયબ છે, આમાંથી ૨ કાર અર્પિતાના નામ ઉપર છે**

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભર્તી ગોટાળાના આરોપી પાર્થ ચેટરજીના નજીકના સાથી અર્પિતા મુખર્જીના ઘરેથી ઈડીની રેડ બાદ ૪ કાર ગાયબ બતાવવામાં આવી રહી છે. ઈડીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અર્પિતાની આ ૪ કાર તેના ડાયમંડ સિટી કોમ્પલેક્ષ ખાતેથી ગાયબ જણાવવામાં આવી છે. આમાંથી ૨ કાર અર્પિતાના નામ ઉપર છે. અર્પિતાની ડાયમંડ સિટી ફ્લેટ ખાતેથી ધરપકડ બાદ આ ગાડીઓ ગાયબ જણાવવામાં આવી રહી છે. હાલમાં સીસીટીવી ફુટેજ જોઈને કારને ટ્રેસ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મેડિકલના અંતિમ વર્ષના છાત્રોને FMAG પરીક્ષા આપવા મંજૂરી

નવી દિલ્હી, તા.૨૯

કોરોના સંક્રમણ અને યુક્રેન યુદ્ધના કારણે વિદેશથી પરત ફરેલા મેડિકલ વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓ કે જેઓ તેમના અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ હતા તેઓ કોરોના મહામારી અને રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ભારત પરત ફર્યા હતા. તેમને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશનમાં બેસવાની મંજૂરી આપવામાં આવશે. જોકે, આ માટે વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ હોવો જોઈએ.

સાથે જ ૩૦ જૂન પહેલાં અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા આ અંગે સત્તાવાર નોટિસ જાહેર કરવામાં આવી છે.

નેશનલ મેડિકલ કમિશનની આ નોટિસ મુજબ, સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૯ એપ્રિલના રોજ આપવામાં આવેલા આદેશ મુજબ જણાવવામાં આવ્યું હતું કે, ભારતીય વિદ્યાર્થીઓ જેઓ તેમના અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સના અંતિમ વર્ષમાં હતા અને કોવિડ-૧૯ અથવા રશિયા અને યુક્રેન યુદ્ધ કારણે વિદેશમાંથી તબીબી સંસ્થા છોડીને ભારત પાછા ફર્યા છે અને

● અનુસંધાન પાન-૭ પર

# અલ-કાયદા અને એબીટી સાથે સંકળાયેલા ૧૧ની ધરપકડ

**આસામમાં બે આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ : ધરપકડ કરાયેલા લોકોમાંથી એક મુસ્તફા ઉર્ફે મુફ્તી મુસ્તફા મોરીગાંવ જિલ્લાના સહરિયા ગામનો રહેવાસી**

નવી દિલ્હી, તા.૨૯

આસામમાં અલ-કાયદા અને બાંગ્લાદેશ સ્થિત અંસારુલ્લા બાંગ્લા ટીમ (ABT) સહિત અનેક વૈશ્વિક આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા ઓછામાં ઓછા ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એક મદરેસાના શિક્ષક હોવાનું કહેવાય છે. આસામના મોરીગાંવ, બારપેટા, ગુવાહાટી અને ગોલપારા જિલ્લામાંથી ગુરુવારે અટકાયત કરાયેલા ૧૧ લોકોનો અલ-કાયદા અને અંસારુલ્લા બાંગ્લા ટીમ જેવા આતંકવાદી સંગઠનો સાથે સંબંધ છે, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે કહ્યું કે આ કેસમાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા લોકોની ધરપકડ પર સીએમ હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે આ લોકો પાસેથી ઘણી માહિતી મળી શકે છે.

સીએમ સરમાએ કહ્યું, 'આસામના બારપેટા અને મોરીગાંવ જિલ્લામાં બે આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ આતંકી મોડ્યુલ સાથે



જોડાયેલા તમામ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, આ લોકોની ધરપકડથી અમને વધુ માહિતી મળશે. આસામ પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા લોકોમાંથી એક મુસ્તફા ઉર્ફે મુફ્તી મુસ્તફા મોરીગાંવ જિલ્લાના સહરિયા ગામનો રહેવાસી છે. મુસ્તફા અંસારુલ્લા બાંગ્લા ટીમનો સક્રિય સભ્ય છે, જે ભારતીય ઉપખંડમાં અલ-કાયદા સાથે સંકળાયેલો છે. તે ભારતમાં છમ્મોડ્યુલનું આવશ્યક નાણાકીય સાધન છે.

પોલીસના જણાવ્યા અનુસાર મુસ્તફા સહરિયા ગામમાં એક મદરેસા, જેનું નામ જમીઉલ હુડા મદરેસા છે. તે ત્યાં શિક્ષક તરીકે ભણાવે છે. પોલીસે આ મદરેસાને સીલ કરી દીધું છે. કારણ કે આ મદરેસામાં અટકાયત કરાયેલા લોકો ત્યાં સુરક્ષિત રહેતા હોવાની આશંકા છે. પોલીસે જણાવ્યું હતું કે મદરેસા ગેરકાયદેસર રીતે કમાયેલી આવક દ્વારા ચલાવવામાં આવી રહી હતી. મુસ્તફા ઉપરાંત પોલીસે મોરીગાંવમાંથી ૩૯ વર્ષીય અફસરુદીન ભુયાનની પણ ધરપકડ કરી છે.

## સ્મૃતિ ઈરાનીની અરજી પર કોંગ્રેસના ૩ નેતાઓને સમન્સ

**૨૪ કલાકની અંદર હટાવવી પડશે ટ્વીટ : બદનક્ષી મામલે દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પવન ખેડા અને નેટ્ટા ડિસૂઝાને સમન પાઠવ્યું છે**

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તરફથી દાખલ થયેલા બદનક્ષી મામલે સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પવન ખેડા અને નેટ્ટા ડિસૂઝાને સમન પાઠવ્યું છે. સ્મૃતિ ઈરાનીએ તેમના પુત્રી વિરુદ્ધ આ જયરામ રમેશ, પવન ખેડા દ્વારા લગાવવામાં આવેલા આરોપોના પગલે દિલ્હી હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતાઓને ૨૪ કલાકની અંદર સોશિયલ મીડિયા પરની પોતાની ટિપ્પણીઓ હટાવવા કહ્યું છે અને જો તેઓ ન હટાવે તો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આ ટિપ્પણીઓ હટાવે એમ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (મધુર ડેરી)

The Taste of Capital

ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (મધુર ડેરી), ગાંધીનગર જીલ્લાના પશુપાલક ભાઈ-બહેનો, સભાસદ મિત્રો અને મધુરની પ્રોડ્કટ વાપરતા એવા તમામ માનવંતા ગ્રાહકોના દિકરા - દિકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શરૂઆત કરવા જઈ રહ્યું છે. "મધુર કેરીયર એકેડમી". ગુજરાત રાજ્યનું પાટનગર અને ગાંધીનગર જીલ્લા સમગ્ર વસાહતી ભાઈ-બહેનો અને મિત્રોને આવરી લઈ, મધુર ડેરી, ગુજરાતના જીલ્લા દૂધ સંઘોમાં સૌ પહેલી વાર દિકરા-દિકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આપની સેવામાં લાવી રહ્યું છે "મધુર કેરીયર એકેડમી".

મધુર કેરીયર એકેડમી

દૂધના વ્યવસાયની સાથે-સાથે માનવંતા જીલ્લાના તમામ મધુર ડેરી સાથે જોડાયેલા વાલીઓના દિકરા-દિકરીઓની ચિંતા કરવાની શરૂઆત મધુર ડેરી કરવા જઈ રહ્યું છે. આ અંગે વિગતવાર માહિતી આવનારા દિવસોમાં આપ સૌને આપવામાં આવશે.

નોંધઃ- જીલ્લાના પશુપાલક મિત્રો, હાલમાં ચાલતા 'લમ્પી સ્કીન ડીઝીઝ' જે કેપ્રીપોક્સ વાયરસથી ફેલાય છે તે રોગથી આપના પશુધનને સાવધ રાખવા. જરૂર જણાય ત્યાં મધુર ડેરીને જાણ કરશો.